અપીલ અરજી નં.૯૬ તા.૧૯–૭–૦૮

અરજદાર: શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળા:આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમ:–**

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૭–૬–૦૮ નીઅરજીથી આરટીઆઈ સે.ઝોન/આ.નં.૯૮૧ તા.૧૮–૨–૦૮ માં સક્ષમ સત્તાની મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરવાની રહે છે તેવો જવાબ આપવામાં આવેલ છે તો પછી શું ખરેખર સક્ષમ સત્તાની મંજુરી મેળવવા આગળની કાર્યવાહી કરવા માટે કઈ તારીખે મંજુરી મેળવવા માટે રજુઆત કરી અને શું ખરેખર સક્ષમ સત્તા પાસે મંજુરી માંગવામાં આવી છે ખરી જે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૯–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૬/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૭–૬–૦૮ નીઅરજીથી આરટીઆઈ સે.ઝોન/આ.નં.૯૮૧ તા.૧૮–૨–૦૮ માં સક્ષમ સત્તાની મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરવાની રહે છે તેવો જવાબ આપવામાં આવેલ છે તો પછી શું ખરેખર સક્ષમ સત્તાની મંજુરી મેળવવા આગળની કાર્યવાહી કરવા માટે કઈ તારીખે મંજુરી મેળવવા માટે રજુઆત કરી અને શું ખરેખર સક્ષમ સત્તા પાસે મંજુરી માંગવામાં આવી છે ખરી જે માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૦ તા.૨૪–૭–૦૮ થી આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/આ.નં.૫૧૭ તા.૫–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત વિષય સંદર્ભે રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/આ.નં.૪૧૨ તા.૧૪–૭–૦૮ થી આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પત્ર પાઠવ્યાની નકલ અત્રે પૂરી પાડેલ છે. જેમાં રહેઠાણવાળી મિલકતોમાં ચાલતાં જરી કારખાના સંબંધે બીપીએમસી એકટની કલમ–૩૧૩ મુજબના નિયમો બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. જે કાર્યવાહી સંપન્ન થયેથી અમલીકરણ કરવાનું હાથ ધરવામાં આવશે તેવો જવાબ પાઠવેલ છે. અરજદાર અપીલ અરજીમાં ૩૧૩ મુજબના નિયમો બનાવવાની કાર્યવાહી કઈ તારીખથી શરૂ કરવામાં આવી અને શું ખરેખર સક્ષમ સત્તા પાસે મંજુરી માંગવામાં આવી છે ખરી? તેની માહિતી માંગેલ છે. અરજદારે કેટલા સમયમાં કાર્યવાહી કરવામાં આવશે તે મુળ અરજીની માહિતી કરતાં પૂરક માહિતી માંગવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૭–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારને ૩૧૩ મુજબના નિયમો બનાવવાની કાર્યવાહી કઈ તારીખે શરૂ કરવામાં આવેલ છે તે તથા શું ખરેખર સક્ષમ સત્તાની મંજુરી માંગવામાં આવેલ છે? તેની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. જે માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. મુળ અરજીથી અલાયદી માહિતીના મુદ્દા અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અલગ અરજીથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,